સૂચના ક્રમાંકઃ: 15/2/28

સૂચના મળવાની તારીખઃ : 21/07/2023

સમયઃ: 03:34 PM

**સહી/હસ્તક્ષાર**

કચેરીના ઉપયોગ માટે

**બિન-સરકારી કામકાજ-બિન સરકારી સંકલ્પો (નિયમ- ૧૧૭)**

વિષય સસ્ટેનેબલ ગોલ નક્કી કરવા બાબત

સૂચના મળ્યા તારીખઃ 21/07/2023

મંત્રીઃ શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર

ગૃહમાં જવાબ આપવાની તારીખઃ .........................................................................

---

મોકલનાર/પ્રેષકઃ

શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા(84) , સભ્યશ્રી

પ્રતિ

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગુજરાત-૧

શ્રીમાન,

આપનો વિશ્વાસુ,

શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા(84)

સભ્યશ્રી

21/07/2023 03:34 PM

મતવિસ્તાર ક્રમાંક અને નામ:84

અગ્રતા ક્રમ :-

* અન્ન અને નાગરિક પુરવઠા જણાવવા કૃપા કરશે કે:- :

સંયુકત રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલીની બેઠક સપ્ટેમ્બર-૨૦૧૫માં મળેલ હતી. આ બેઠકમાં નક્કી થયા મુજબ ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય લક્ષ્યાંકો સેટ કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસડીજી) સિધ્ધ થાય તે માટે જુદાં-જુદાં ૧૭ લક્ષ્ય જેવા કે, ગરીબી નાબૂદ કરવી, ભૂખમરો નાબૂદ કરવો, લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા, સ્ત્રી-પુરુષની સમાનતા, મહિલા સશક્તિકરણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સ્વચ્છ પાણી, સસ્તી અને પુરતી વીજળી, રોજગાર, આર્થિક વિકાસ, ક્લાઇમેટ એકશન વગેરે નક્કી કરવામાં આવેલ. તે મુજબ ૧લી જૂન ૨૦૧૬થી કામ ચાલુ કરીને તે ૨૦૩૦ સુધીમાં હાંસલ કરવાનો લક્ષ્ય છે. આ લક્ષ્યમાં દુનિયાના ૧૯૨ દેશો જોડાયેલા છે. ભારત દેશ આ ગોલ હાંસલ કરી શકે તે માટે બધા રાજ્યો નક્કર કામગીરી કરે તે જરૂરી છે. રાજ્યમાં સસ્ટેનેબલ ગોલ નક્કી કરવા માટે સમિતિનું ગઠન થયેલ છે પણ આ સમિતિની બેઠક હજુ સુધી મળી નથી. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસડીજી)ના ૧૭ લક્ષ્ય સિધ્ધ થાય તે માટે જરૂરી પગલા લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.